EDII

Sandesh

July 1, 2016
Page No. 4
Of City Life

# દરેક બિઝનેસમાં નાની- મોટી ચેલેન્જિસ તો આવે જ છે



અમદાવાદ : ૩૦ જૂન ૨૦૧૬

બાયોટેકનોલોજી ફિલ્ડમાં વર્લ્ડ લેવલે ભારતનું ૨ ટકા માર્કેટ છે. દેશમાં આ ક્ષેત્રમાં કામ કરતી ૮૦૦ કંપનીઓ છે. આંત્રપ્રિન્યોર્સ માટે આ ફિલ્ડમાં વિશાળ તક રહેલી છે. જેને ધ્યાનમાં રાખીને આંત્રપ્રિન્યોર ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા(EDII) માં બાયોટેકનોલોજી પર ઉદ્યોગસાહસિકો માટે પ્રોગ્રામ લોન્ચ કરવામાં આવ્યો હતો. જેમાં સ્ટુડન્ટ્સ આ ફિલ્ડમાં કેવી રીતે સારો બિઝનેસ કરી શકે છે તેના પર વાત કરવામાં આવી હતી. પ્રોગ્રામ ડાયરેક્ટર બિપીન શાહે જણાવ્યું કે, આ ફિલ્ડમાં બિઝનેસ કરવા માટે આ ફિલ્ડનું નોલેજ હોવું જરૂરી છે. સાથે જ આ ફિલ્ડમાં ઘણી ચેલેન્જિસ પણ છે, જેમ કે તમારો બિઝનેસ સફળ થશે કે નહીં તેની માહિતી તમને એક વર્ષ પછી મળશે. આ ફિલ્ડમાં ઓપર્ચ્યુનિટી માટે આઈડેન્ટિફિકેશન મહત્ત્વનું છે. સાથે જ તમને આ ફિલ્ડમાં સ્કિલ્ડ મેન પાવરની પણ જરૂર પડશે. જે થોડુ ટફ રહેશે. આ પ્રોગ્રામ ૧૦ મહિનાનો હશે તેમજ ૩૬ મહિના દરમિયાન પાર્ટિસિપન્ટ્સને માળખાગત સુવિધા આપવામાં આવશે.